દાખલ તારીખ. ૧૬–૦૩–૨૦૧૩.
રજીસ્ટર તારીખ. ૧૬–૦૩–૨૦૧૩.
ફેસલ તારીખ. ૨૧–૧૧–૨૦૨૪.
સમય અવધી:– **૧૧–વર્ષ, ૦૮–માસ, ૦૫–દિવસ.**

**કેશોદનાં પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ ( એચ. જી. દામોદ્રા )**
**ની અદાલત સમક્ષ, મું. કેશોદ.**

**સ્પેશ્યલ દીવાની દાવા નં. ૩૪/૨૦૧૯.**

**( જૂનો સ્પેશ્યલ દીવાની દાવા નં. ૦૧/ ૨૦૧૩. (જુનાગઢ))**

**( જૂનો સ્પેશ્યલ ઈલેકટ્રીસીટી દાવા નં. ૨૦/ ૨૦૧૭.(કેશોદ))**

**આંક :– ૧૯૭**

રત્નાકર આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજના ભાગીદારો
(૧) રમેશભાઈ માવજીભાઈ ખોરાવા
ઉ.વ. ૪૫, ધંધો–વેપાર,
(૨) કાનજીભાઈ ધનજીભાઈ ખોરાવા
ઉ.વ. ૩૦, ધંધો–વેપાર,
(૩) માવજીભાઈ લખમણ ભાઈ ખોરાવા
ઉ.વ. ૭૫, ધંધો–વેપાર,
(૪) મુળજીભાઈ માવજીભાઈ ખોરાવા
ઉ.વ. ૫૦, ધંધો–વેપાર,
તમામ હે. બંદર રોડ, જહાનીયાપીરની દરગાહ પાસે, માંગરોળ. જી. જુનાગઢ.
(વાદી નં. ૧ જાતે તથા તે જાતે તથા પ્રતીવાદી નં. ૨ થી ૪ના કુલમુખત્યાર દરજ્જે.) ..................વાદીઓ.

**–:: વિ રૂ ધ્ધ ::–**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ,(PGVCL),
થ્રુ નાયબ ઈજનેરશ્રી,
ટાઉન સબ ડીવીઝન, માંગરોળ. જી. જુનાગઢ.
.................પ્રતિવાદી.

**બાબત: વિજ્ઞાપન અને કાયમી મનાઈહુકમ મળવા અંગેનો.**

**વાદી પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી ડી. વી. કુંભાણી તથા**

**પ્રતિવાદીઓ તરફે વિદ્વાન વકીલ શ્રી કે. ટી. દુબે**

**-: જ જ મે ન્ટ :-**

૧. વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, તેઓ માંગરોળ મુકામે રત્નાકર આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજ (જેને હવે પછી વાદીઓની પેઢી તરીકે સંબોધવામાં આવશે)ના નામથી બરફનું ઉત્પાદન કરતી તથા કોલ્ડ સ્ટોરેજ કરતી પેઢીના ભાગીદાર છે અને પ્રતીવાદી કંપની વીજ પુરવઠો ગ્રાહકોને પુરો પાડવાનો તથા વેચવાનો અને વીજ જોડાણો આપીને વીજળી અંગેની સુવીધા આપવાનું કામકાજ કરે છે. જેની સબ ડીવીઝન ઓફીસ માંગરોળ મુકામે આવેલ છે અને વાદીઓની પેઢી પ્રતીવાદી કંપનીનું ગ્રાહક નં. ૮૦૫૦૧/૫૫૦૪૧/૦ થી ઈન્ડસ્ટ્રીયલ કેટેગરીનું ૧૨૫ હોર્સ પાવરનું વીજજોડાણ ધરાવે છે.

વાદી વીશેષમાં દાવામાં જણાવે છે કે તા. ૧૦/૧૨/૧૦ના રોજ વાદીનું વીજમીટર ઉતારવામાં આવેલ અને તા. ૧૮/૧૨/૧૦ના રોજ લેબોરેટરીમાં પ્રતીવાદીઓના અધીકારીઓની હાજરીમાં ચેક કરવામાં આવેલ ત્યારે વાદીના મીટરમાં કોઈ ફોલ્ટના હોવા છતા મોટી રકમ તેઓ પાસેથી પડાવવા અને પ્રતીવાદીની કંપનીની નાણાકીય ખાધ સરભર કરવાના બદઈરાદાથી રૂા. ૧૧,૨૯,૭૩૯-૪૫/- પૈસાનું પુરવણી બીલ તા. ૨૩/૧૨/૧૦ના રોજ આપવામાં આવેલ જે તમામ રકમ વાંધા સાથે ડીપોઝીટ કરવામાં આવેલી હતી. વાદી વધુમાં જણાવે છે કે, તે બાદ કોઈપણ જાતના કારણ વીના તા. ૨/૪/૧૧ ના રોજ રૂપીયા ૨૭,૧૬,૭૧૮-૨૫/- પૈસાનું રીવાઈઝ પુરવણી બીલ આપેલ છે. વાદી વધુમાં જણાવે છે કે, સદર બીલ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં

સ્પે. સી. એ. નં. ૫૦૨૯/૧૧ થી ચેલેન્જ કરતા તા. ૫/૫/૧૧ના ઓરલ ઓર્ડર થી બાકી રહેતી પ્રતીવાદી કંપનીની રકમ રૂા. ૧૫,૮૬,૦૯૭–૨૫/– પૈસાની બેંક ગેરંટી રજુ થયે વાદીનું વીજકનેકશન ચાલુ કરવું તેવા હુકમ આધારે વાદીએ બેંક ગેરંટી આપતા વીજ કનેકશન પુન:સ્થાપીત થયેલ છે. વાદી વીશેષમાં જણાવે છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પે. સી. એ. નં. ૫૦૨૯/૧૧ના આખરી હુકમમાં વાદવાળું બીલ સ્પે. જજ સાહેબ કે જેને દાવો ચલાવવા સત્તા છે ત્યાં દાખલ કરી પડકારવો તેવા હુકમ આધારે હાલનો દાવો લાવી વાદીએ તા. ૨૩/૧૨/૧૦ના પુરવણી બીલની રકમ ભરપાઈ કરેલ હોય, રીવાઈજ પુરવણી બીલ રકમ રૂા. ૧૧,૨૯,૭૩૯–૪૫/– પૈસાનું પુરવણી બીલ તા. ૨૩/૧૨/૧૦ના રોજ આપવામાં આવેલ તે અનુમાન આધારે આપેલ હોય, તેઓએ મીટર સાથે કોઈ ચેડા કરી પાવર ચોરી કરેલ ન હોય, તેઓ નીયમીત વીજવપરાશની લેણી રકમ ચુકવી આપતા હોય, લેબોરેટરી ટેસ્ટીંગમાં પણ મીટરમાં કોઈ ફોલ્ટ માલુમ પડેલ ન હોય, તે ટેસ્ટીંગ વખતે વાદીને મીટરમાં ફોલ્ટ ન હોય તેમ જણાવી તેમની સહી પ્રતીવાદીના માણસોએ લઈ, માત્ર બે અધીકારીની હાજરીમાં મીટર ટેસ્ટ કરવામાં આવેલ હોય, મીટર ઈલેકટ્રીક ઈન્સપેકટરની હાજરીમાં રાજય સરકારના કોઈ અધીકારીની હાજરીમાં ખોલવામાં આવેલ ન હોય કે ટેસ્ટ કરવામાં આવેલ ન હોય, બીલ કે મીટર ઈલેકટ્રીકલ ઈન્સપેકટરને આપવામાં આવેલ ન હોય, વાદીને રૂબરૂ સાંભળવા કે રજુઆત કરવા તક અપાયેલી ન હોય, નોટીસ અપાયેલ ન હોય, કુદરતી ન્યાયના સીધ્ધાંતોનો ભંગ કરી, પુરવણી બીલની રકમ સામે એસેસીંગ ઓફીસરે વાદીને રજુઆત કે ખુલાશો કરવા તક આપેલ ન હોય, વાદી પેઢીમાં વીજ વપરાશ અઠવાડીક ઓછો થતો હોય, વીજકાપ અને કામના કલાકો

વીગેરેની ગણતરી, રજાઓના દીવસો આધારે ૨૪ કલાક વીજવપરાશ થતો ન હોય તેમ છતા અનુમાન આધારે અસહય મોટી રકમનું બીલ આપી, વીજચોરી થતી હોય તેવું સાધન મળેલ ન હોય તેમ છતા મોટી રકમ વસુલ લેવા બદઈરાદાથી ગેરકાયદેસર એલ.એન્ડ ટી. કંપનીનું મીટર લગાડતી વખતે વાદીએ ના પાડેલ હોય તેમ છતા તેનું મીટર લગાવેલ છે. આમ, દાવો લાવી પ્રતીવાદી તા. ૨/૪/૧૧ના રોજ પુરવણી બીલ રૂા. ૨૭,૧૬,૭૧૮–૨૫/–પૈસા વાદી પાસેથી મેળવવા કોઈ હકક કે અધીકાર ધરાવતા નથી તેવું વિજ્ઞાપન મેળવવા અને બીલ ગેરકાયદેસર ઠરાવવાનો હુકમ કરવા અને પ્રતીવાદી કે તેમના નોકરો, એજન્ટો કે અધીકારીઓ વાદીનું ગ્રાહક નં. ૮૦૫૦૧/૫૫૦૪૧/૦નું વીજકનેકશન વાદવાળા બીલ અનુસંધાને ડીસ કનેકટ કરે કરાવે નહી તેવો કાયમી મનાઈહુકમ આપવા અને દાવાનો ખર્ચ અને દાવાને અનુરૂપ હરકોઈ મળી શકતી દાદ અપાવવા હાલનો દાવો કરેલ છે.

**૨.** પ્રતીવાદીએ તેમના આંક ૧૪ ના જવાબમાં તકરાર લીધેલ છે કે વાદીનો દાવો ખરો નથી અને ટકવાપાત્ર નથી. વીશેષમાં તેઓ તેમની કંપનીના ગ્રાહક હોય તેવી હકીકત સ્વીકારી દાવાના કામે તેઓ સામે થયેલા આક્ષેપોને નકારી વીશેષમાં જણાવેલ છે કે, પ્રતીવાદી કંપનીની કોર્પોરેટ ઓફીસના ઘ્યાનમાં એલ.એન્ડ ટી. કંપનીના મીટરમાં બાહય સાધનથી મીટરને હેન્ગ કંડીશનમાં મુકી પાવર ચોરી કરતા હોવાનું તથા કોડ ૯૪૯૬૭૨.૯૫ જોવા મળતો હોય તેમજ કે.ડબલ્યુ.કે.વી.એ.કેવીએ આર.એચ.એલ.એ.જી. જોવા મળતું હોય તેમજ મીટર રેકર્ડમાં એનોમલી એલ.ડી.ટી. જોવા મળતી હોય તે અનુસંધાને સબડીવીઝન કચેરીને તા. ૯/૨/૧૦નો પત્ર ઈશ્યુ કરી એલ.એન્ડ ટી. મીટર ચેક કરવા જણાવવામાં આવેલ. પ્રતીવાદી વીશેષમાં જણાવે છે કે ઉકત હકીકતે

તા. ૧૦/૧૨/૧૦ના રોજ વાદી પેઢીમાં મીટર ઉતારી તા. ૧૮/૧૨/૧૦ના રોજ લેબ ટેસ્ટ ભીમજીભાઈ માવજીભાઈ ખોરાવાની હાજરીમાં થતા એનોમલીમાં AQQQ XDTQQQQQ000 જણાયેલ અને તે વખતે એલ.એન્ડ ટી. કંપનીના પ્રતિનીધી પણ હાજર હતા જેઓએ મીટરનો એમ.આર.ઈ. લીધેલ અને તેઓ તરફે તા. ૨૦/૧૨/૧૦ના રોજ વીજમીટરનો ટેસ્ટ રીપોર્ટ 'Meter is subjected to some external means which has lead the meter into hanged condition, prevent meter to log hourly energy consumption data, appearance of anomaly condition with 'XDT', and this resulted into prevention of registering of actual energy.' એટલે કે વીજમીટરને બાહ્ય સાધન દ્વારા હેન્ગ કંડીશનમાં મુકી વીજવપરાશ થતો હોય તેમ છતા વીજવપરાશ નોંધાય નહી તેવી વ્યવસ્થા કરી વાદી પાવરચોરી કરતા હોય પ્રતીવાદી કંપનીના નીયમ મુજબ ગણતરી કરી પાવર ચોરીનું પુરવણી બીલ રૂા. ૧૧,૨૯,૭૩૯–૪૫/– ઈશ્યુ કરવામાં આવેલ જે વાદીએ ભરપાઈ કરી આપેલ અને કંપની જોગ બાંહેધારી ખત તા. ૨૩/૧૨/૧૦ના રોજ લખી આપેલ અને તે આધારે તેમનું કનેકશન રીસ્ટોર થયેલ. વીશેષમાં તેમના જવાબમાં જણાવે છે કે, વાદીને અપાયેલ પુરવણી બીલમાં ભુલ રહી જવા પામેલ હોય, વીભાગીય કચેરીની સુચના અનુસાર રીવાઈઝ બીલ રૂા. ૨૭,૧૬,૭૧૮–૨૫/– પૈસાનું સીધી લીટીના બાર મહીનાની ગણતરી કરી આપેલ જેમાં અગાઉ ભરપાઈ થયેલી રકમ બાદ થયા પછી વાદીએ રૂા. ૧૫,૮૬,૯૭૮–૮૦/– પ્રતીવાદીને ચુકવવાની બાકી રહેતી હોય, ભવિષ્યમાં કંપનીનું લેણું ઉભુ થાય તો વાદી ભરપાઈ કરવા બંધાયેલા હોય તેવું બાંહેધારી ખત કંપની જોગ અસ્તિત્વમાં રહેલ હોય, અને તે રકમ ભરપાઈ

વાદીઓને કરવાના હોવા છતા ન કરેલ હોય, તે બીલ હાલના દાવામાં ચેલેન્જ કરેલ હોય, વાદીને આવી દાદ આપી શકાય તેમ ન હોય, ખોટો દાવો કરેલ હોય દાવો નામંજુર યાને રદ કરવા વીનંતી કરેલ છે.

વધુમાં તેમના જવાબમાં કાઉન્ટર કલેઈમ કરેલ છે કે, વાદીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ સ્પે. સી. એ. નં. ૫૦૨૯/૧૧ના હુકમથી તા. ૨૫/૩/૧૩ સુધી વાદીનું કનેકશન નહી કાપવાનો હુકમ હતો જે મુદ્દત પુર્ણ થયેલ હોય, વાદી પાસેથી પુરવણીબીલની લેણી રકમ ભરપાઈ ન થાય તો વીજકનેકશન કાપી નાખવા તેઓ હકકદાર છે અને તા. ૨/૪/૧૧ના રીવાઈઝ પુરવણી બીલની રકમ ભરપાઈ થતા સુધીના વ્યાજ અને વીજ કનેકશન રીકનેકટ કરવા માટે નીયમ મુજબ ભરવાપાત્ર થતી રકમ ભરવા વાદી જવાબદાર છે તેવું ઠરાવી આપવા અને વીજ કંપનીની લેણી રકમ મેળવવા પ્રતીવાદી હકકદાર છે તેવું ઠરાવવા હુકમ કરવા અને લેણી રકમ વ્યાજ સાથે વસુલ મેળવવા કાઉન્ટર કલેઈમ કરી તેમની તરફેણમાં હુકમનામું કરવા અરજ ગુજારેલ છે.

આમ, હાલના દાવામાં પ્રતીવાદી કંપનીએ વાદી સામે કાઉન્ટર કલેઈમ કરેલ છે તે નોંધવું જરૂરી છે.

**3.** આંક ૨૦ થી દાવાના કામે નીચે મુજબના મુદ્દા ફ્રેમ કરવામાં આવેલ છે.

| ક્રમ | મુદ્દા | નિર્ણય |
|---|---|---|
| ૧ | શું વાદી સાબીત કરે છે કે, પ્રતીવાદીએ આપેલ રૂા. ૨૭,૧૬,૭૧૮-૨૫/- પૈસાનું તા. ૦૨/૦૪/૨૦૧૧ના રોજનું બીલ ગેરકાયદેસર છે? | નકારમાં |
| ૨ | શું પ્રતીવાદીનું કાઉન્ટર કલેઈમ કોર્ટ ફીની ખામીના કારણોસર નામંજુર થવાને પાત્ર છે? | હકારમાં |
| ૩ | શું પ્રતીવાદી તેમના કાઉન્ટર કલેઈમ અનુસાર પુરવાર કરે છે કે, તેઓ તા. ૨/૪/૧૧નું રીવાઈઝ બીલની રકમ વસુલ થાય ત્યાં સુી વ્યાજ સાથે મેળવવા હકકદાર છે? | નકારમાં |

| | | |
|---|---|---|
| ૪ | શું હુકમ અને શું હુકમનામું ? | આખરી હુકમ મુજબ |

૪. આ દાવાના કામે આંક ૨૩ થી પ્રતીવાદી તરફે સ્પે.દિ.મુ. નં. ૧/૧૪ ( આ અદાલત સમક્ષ સદર દાવો સ્પે. દિ. મુ. નં. ૩૫/૧૯ થી ટ્રાન્સફર થઈ આવતા રજીસ્ટર થયેલ છે) કે જે આ કામના પ્રતીવાદી વીજ કંપનીએ વાદી સામે વીજચોરીનું રીવાઈઝડ બીલ રૂા. ૨૭,૧૬,૭૧૮–૨૫/– પૈસા વસુલ મેળવવા માટે દાખલ કરેલો છે. જે દાવાના પક્ષકારો સરખા હોય, એક જ વિષય વસ્તુ માટે બંને પક્ષકારોએ સામ સામે દાવો કરેલ હોય, બંને દાવા એક જ અદાલતમાં ચાલતા હોય, બંને દાવા કોન્સોલીડેટ કરવા અને પુરાવો સ્પે. દિ. મુ. નં. ૧/૧૩ (હાલનો સ્પે. દિ. મુ. નં. ૩૪/૧૯) માં લેવા અરજી આપતા તે હેઠળના હુકમ તા. ૧૮/૮/૧૫ હેઠળ અરજી મંજુર થયેલ છે.

પરંતુ એ હકીકત પણ નોંધવી જરૂરી છે કે, હાલના સ્પે. દિ. મુ. નં. ૩૪/૧૯ (જુના સ્પે. દિ. મુ. નં. ૧/૧૩) માં તથા સ્પે. દિ. મુ. નં. ૩૫/૧૯ ( જુના સ્પે.દિ.મુ. નં. ૧/૧૪) માં અલગ અલગ પુરાવાઓ રજુ થયેલ છે તેમજ રોજકામ જે તા. ૧૮/૮/૧૫ના રોજ સ્પે. દિ. મુ. નં. ૩૫/૧૯ ( જુના સ્પે.દિ.મુ. નં. ૧/૧૪) માં બંધ થયેલું હતું તે ફરી ચાલુ થતા આ અદાલતના ધ્યાન પર તા. ૦૪/૧૦/૨૪ના રોજ ઉકત હકીકત ધ્યાન પર આવતા રોજકામ બંધ કરેલ છે. પરંતુ બંને કેસોના પુરાવાઓ અલગ અલગ રજુ થયેલા હોય, કોન્સોલીડેટ હુકમ થાય તો જટીલતા ઉભી થાય તેમ જણાતું હોય, આ દાવાના કામે આંક ૨૩ ના હુકમમાં વીશેષ હુકમ આજ તા. ૨૧/૧૧/૨૪ના રોજ કરી બંને દાવાને કોન્સોલીડેટ કરેલ છે તે હુકમ વેકેટ કરી ડીકોન્સોલીડેટ કરી

અલગ હુકમ આ દાવાના કામે કરવામાં આવે છે.

**૫.** વાદી તરફે મૌખીક તથા દસ્તાવેજી પુરાવો નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે.

**વાદી તરફે મૌખીક પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદી નં. ૧ રમેશભાઈ માવજીભાઈ ખોરાવાની સરતપાસનું સોગંદનામું. | ૪૬ |

**વાદી તરફે દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદીના નામનું કુલમુખત્યારનામું ઝેરોક્ષ | ૫૧ |
| ૨ | પુરવણી બીલ ઝેરોક્ષ | ૫૨ |
| ૩ | પહોંચો કુલ ૪ ની ઝેરોક્ષ | ૫૩ |
| ૪ | વાદીએ ડીપોઝીટ કરેલ રકમની પહોંચ ઝેરોક્ષ | ૫૪ |
| ૫ | રીવાઈઝ પુરવણી બીલ ઝેરોક્ષ | ૫૫ |
| ૬ | બેંક ગેરંટીની પહોંચની ઝેરોક્ષ તા. ૧૯/૭/૧૨ | ૫૬ |
| ૭ | બેંક ગેરંટીની પહોંચની ઝેરોક્ષ તા. ૨૦/૭/૧૨ | ૫૭ |
| ૮ | સ્પે.સી.એ. નં. ૫૦૨૯/૧૧નો હુકમની ઝેરોક્ષ તા. ૫/૫/૧૧ | ૫૮ |
| ૯ | સ્પે.સી.એ. નં. ૫૦૨૯/૧૧નો હુકમની ઝેરોક્ષ તા. ૨૫/૨/૧૩ | ૫૯ |
| ૧૦ | સી.એમ.એ. નં. ૫૫૩/૧૩નો હુકમની ઝેરોક્ષ તા. ૧૨/૩/૧૩ | ૬૦ |

**૬.** પ્રતીવાદી તરફે મૌખીક તથા દસ્તાવેજી પુરાવો નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે.

**પ્રતીવાદી તરફે મૌખીક પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સાહેદ પ્રવીણ રતીલાલ દુલેરાની સરતપાસનું સોગંદનામું. | ૧૨૫ |
| ૨ | સાહેદ પ્રિતીબેન સંજીવભાઈ વૈદ્યની સરતપાસનું સોગંદનામું. | ૧૮૯ |

| | | |
|---|---|---|
| ૩ | સાહેદ પીઠાભાઈ રામસીભાઈ કરંગીયાની સરતપાસનું સોગંદનામું. | ૧૯૦ |

**પ્રતીવાદી તરફે દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સ્થળ રોજકામ અસલ | ૬૧ |
| ૨ | તપાસણી અહેવાલ અસલ જુના ઉતારેલ મીટરનો | ૬૨ |
| ૩ | તપાસણી અહેવાલ અસલ નવા લગાડેલ મીટરનો | ૬૩ |
| ૪ | સાદુ પેપર સીલ ઓફીસ કોપી | ૬૪ |
| ૫ | મીટર સીલ ચેકીંગ રીપોર્ટ (પ્રફોર્મા નં.૧૫ | ૬૫ |
| ૬ | જુના ઉતારેલ મીટરની રીડીંગ ડેટા સીટ અસલ | ૬૬ |
| ૭ | ગેટ પાસ અસલ | ૬૭ |
| ૮ | થ્રી ફેઈઝ મીટર ચકાસણી અહેવાલ અસલ | ૬૮ |
| ૯ | જુના ઉતારેલ મીટરની રીડીંગ ડેટા સીટ અસલ | ૬૯ |
| ૧૦ | વીજ ચોરીના બીલની કેલ્કયુલેશન સીટ ઓફીસ કોપી | ૭૦ |
| ૧૧ | વીજચોરીનું બીલ ઓફીસ કોપી | ૭૧ |
| ૧૨ | વીજચોરીના બીલ સાથે મોકલેલ પત્રની ઓફીસ કોપી | ૭૨ |
| ૧૩ | પ્રતીવાદીને હપ્તા કરી આપવા વાદીએ લખેલ પત્ર અસલ | ૭૩ |
| ૧૪ | પ્રતીવાદીને વાદીએ લખી આપેલ બાંહેધારીપત્રક અસલ | ૭૪ |
| ૧૫ | વાદીનું વીજમીટર રીકનેકટ કર્યાનો તપાસણી અહેવાલ અસલ | ૭૫ |
| ૧૬ | વાદી સામે નોંધાયેલી વીજચોરીની ફરીયાદની એફ.આઈ.આર.ની ઝેરોક્ષ | ૭૬ |
| ૧૭ | રીવાઈઝ પુરવણીબીલની ઓફીસ કોપી | ૭૭ |
| ૧૮ | રીવાઈઝ પુરવણી બીલ સાથેનો પત્ર ઓફીસ કોપી | ૭૮ |
| ૧૯ | સ્થળ રોજકામની અસલ | ૭૯ |
| ૨૦ | વીજ કનેકશન કાપ્યા અંગેનો તપાસણી અહેવાલ અસલ | ૮૦ |
| ૨૧ | વીજમીટર ઉતાર્યુ તેની મીટર રીડીંગ સીટ અસલ | ૮૧ |
| ૨૨ | વીજમીટર ઉતાર્યુ તેનો મીટર સીલ ચેકીંગ રીપોર્ટ (પ્રફોર્મા નં. ૧૫) અસલ | ૮૨ |
| ૨૩ | સાદુ પેપર સીલ ઓફીસ કોપી | ૮૩ |
| ૨૪ | વીજ કનેકશન કાપવાનો હુકમ અસલ | ૮૪ |

| | | |
|---|---|---|
| ૨૫ | વીજ કનેકશન ચાલુ કરવા વીજ મીટર લગાડયાનો તપાસણી અહેવાલ અસલ | ૮૫ |
| ૨૬ | વીજ કનેકશન રી કનેકશન કર્યાનો મીટર સીલ ચેકીંગ રીપોર્ટ (પ્રફોર્મા નં. ૧૫) અસલ | ૮૬ |
| ૨૭ | વીજ કનેકશન રી કનેકશન કર્યાનું સ્થળ રોજકામ અસલ | ૮૭ |
| ૨૮ | વીજ મીટર ઉતાર્યુ તેની મીટર રીડીંગ સીટ અસલ | ૮૮ |
| ૨૯ | ગેટ પાસ અસલ | ૮૯ |
| ૩૦ | વીજ કનેકશન રી કનેકશન કરવાનો હુકમ અસલ | ૯૦ |
| ૩૧ | નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પે. સી. એ. નં. ૫૦૨૯/૧૧ હુકમ તા. ૫/૫/૦૫ની ઝેરોક્ષ | ૯૧ |
| ૩૨ | નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પે. સી. એ. નં. ૫૦૨૯/૧૧ હુકમ તા. ૧૧/૨/૧૩ ની અસલ | ૯૨ |
| ૩૩ | વાદીઓએ આપેલ બેંક ગેરંટીની ઝેરોક્ષ | ૯૩ |
| ૩૪ | વાદીઓએ પ્રતીવાદી જોગ કરી આપેલ બાંહેધારી ખત અસલ | ૯૪ |
| ૩૫ | વાદીઓને રીવાઇઝ બીલ ભરવા પ્રતીવાદીએ આપેલ નોટીસ ઓફીસ કોપી | ૯૫ |
| ૩૬ | વાદીઓને રીવાઇઝ બીલ ભરવા પ્રતીવાદીએ આપેલ નોટીસ ઓફીસ કોપી | ૯૬ |
| ૩૭ | પી. જી. વી. સી. એલ. કોર્પોરેટ ઓફીસ રાજકોટનો પત્ર તા. ૯/૨/૧૦ ખરીનકલ | ૧૨૮ |
| ૩૮ | વાદીના મીટરના તા. ૧૦/૧૨/૧૦ના સ્થળ રોજકામની ખરીનકલ | ૧૨૯ |
| ૩૯ | વાદીના નવા લગાડેલ મીટરની સીટ ખરીનકલ | ૧૩૦ |
| ૪૦ | વાદીના જુના ઉતારેલ મીટરની સીટ ખરીનકલ | ૧૩૧ |
| ૪૧ | સાદુ પેપર સીલની નોંધ ખરીનકલ | ૧૩૨ |
| ૪૨ | મીટર સીલ ચેકીંગ રીપોર્ટ પ્રફોર્મા નં. ૧૫ ખરીનકલ | ૧૩૩ |
| ૪૩ | વાદીના વીજમીટરની રીડીંગ ડેટા શીટ ખરીનકલ | ૧૩૪ |
| ૪૪ | ગેટ પાસ ખરીનકલ | ૧૩૫ |
| ૪૫ | તા. ૧૦/૧૨/૧૦ના રોજ ઉતારેલ મીટરનો ફેઈઝ મીટર ચકાસણી અહેવાલ ખરીનકલ | ૧૩૬ |
| ૪૬ | એલ. એન્ડ ટી. મેઈક મીટર રીડીંગ શીટ ખરીનકલ | ૧૩૭ |

| | | |
|---|---|---|
| ૪૭ | સદરહુ મીટરના થેફ્ટ યુનીટનું ગણતરીપત્રક ખરીનકલ | ૧૩૮ |
| ૪૮ | વાદીના વીજ મીટરનો એમ.આઈ.આર. ડેટા શીટ કુલ પેજ ૧૦ ખરીનકલ | ૧૩૯ |
| ૪૯ | વાદીના મીટરનો એલ.એન્ડ ટી. કંપનીના રીપોર્ટ ખરીનકલ | ૧૪૦ |
| ૫૦ | વાદીના વીજ મીટર પાવર ચોરી જણાવ્યા વીજ મીટર ઉતારેલ તેના સ્થળ રોજકામ ખરીનકલ | ૧૪૧ |
| ૫૧ | સ્થળ રોજકામ કરી મીટર ઉતાર્યુ તેની મીટર રીડીંગ શીટ ખરીનકલ | ૧૪૨ |
| ૫૨ | વાદીના વીજ મીટરમાં થયેલ પાવર ચોરી અંગેના બીલ માટેની કેલ્કયુલેશન શીટ ખરીનકલ | ૧૪૩ |
| ૫૩ | વાદીને આપવામાં આવેલ પાવર ચોરીનું બીલ ખરીનકલ | ૧૪૪ |
| ૫૪ | વાદીને પાવર ચોરીના બીલ સાથે મોકલેલ પત્ર ખરીનકલ | ૧૪૫ |
| ૫૫ | વાદીએ બીલ મળ્યા બાદ હપ્તા કરવા માંગણી કરેલ પત્ર ખરીનકલ | ૧૪૬ |
| ૫૬ | વાદીએ પ્રતીવાદી જોગ કરી આપેલ બાંહેધારી પત્ર ખરીનકલ | ૧૪૭ |
| ૫૭ | વાદીનું વીજ મીટર રી કનેકટ કર્યાની તપાસણી અહેવાલ ખરીનકલ | ૧૪૮ |
| ૫૮ | વાદીનું મીટર રી કનેકટ કર્યાની મીટર રીડીંગ શીટ ખરીનકલ | ૧૪૯ |
| ૫૯ | વાદીનું વીજ મીટર ચાલુ કરવાનો હુકમ ખરીનકલ | ૧૫૦ |
| ૬૦ | વાદી સામે નોંધવામાં આવેલ રાજકોટ પો.સ્ટે. ગુ. રજી. નં. સે. ૨૮૭૫/૧૦ ની એફ.આઈ.આર. ખરીનકલ | ૧૫૧ |
| ૬૧ | મુદામાલ ખરીનકલ | ૧૫૨ |
| ૬૨ | રીવાઈઝડ બીલ અંગેના કોર્પોરેટ ઓફીસના પત્ર ખરીનકલ | ૧૫૩ |
| ૬૩ | રીવાઈઝડ બીલ અંગેની કેલ્કયુલેશન શીટ ખરીનકલ | ૧૫૪ |
| ૬૪ | રીમાઈન્ડર બીલ (રીવાઈઝડ) ખરીનકલ | ૧૫૫ |
| ૬૫ | રીવાઈઝડ બીલ સાથેનો પત્ર ખરીનકલ | ૧૫૬ |
| ૬૬ | વાદીનું વીજ મીટર તા. ૨/૪/૧૧ના બીલની રકમ ભરપાઈ ન થતા મીટર ડીસકનેકટ કર્યા અંગેનું સ્થળ રોજકામ ખરીનકલ | ૧૫૭ |
| ૬૭ | વીજ મીટર ડીસકનેકટ કર્યા અંગેનો તપાસણી અહેવાલ ખરીનકલ | ૧૫૮ |

| | | |
|---|---|---|
| ૬૮ | વીજ મીટર ઉતાર્યુ તેની મીટર રીડીંગ શીટ ખરીનકલ | ૧૫૯ |
| ૬૯ | વાદીના વીજ મીટર ઉતાર્યુ તેના પ્રફોર્મા નં. ૧૨ ખરીનકલ | ૧૬૦ |
| ૭૦ | વાદીના વીજ મીટરની સાદુ પેપર શીલ ફોર્મમાં મીટરના શીલની વીગત દર્શાવતું પત્રક ખરીનકલ | ૧૬૧ |
| ૭૧ | તા. ૨/૪/૧૧ના બીલની રકમ ભરપાઈ ન થતા જોડાણ કાપવાના હુકમની ખરીનકલ | ૧૬૨ |
| ૭૨ | નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પે. સી. એ. નં. ૫૦૨૯/૧૧ ના હુકમ અન્વયે મીટર લગાડયાની વીગત અંગે તપાસણી અહેવાલની ખરીનકલ | ૧૬૩ |
| ૭૩ | મીટરની વીગત દર્શાવતું પ્રફોર્મા નં. ૧૫ ખરીનકલ | ૧૬૪ |
| ૭૪ | વાદીનું વીજ મીટર રીકનેકટ કર્યા અંગેનું સ્થળ રોજકામ ખરીનકલ | ૧૬૫ |
| ૭૫ | વાદીનું તા. ૬/૯/૧૧ના રોજ વીજ મીટર રીકનેકટ કર્યુ તેની મીટર રીડીંગ શીટ ખરીનકલ | ૧૬૬ |
| ૭૬ | રીકનેકટ કરવા વિભાગીય કચેરીમાંથી મીટર લીધેલ તેનો ગેટ પાસ ખરીનકલ | ૧૬૭ |
| ૭૭ | નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ અન્વયે વીજ પુરવઠો ચાલુ કરવાનો હુકમ ખરીનકલ | ૧૬૮ |
| ૭૮ | નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પે. સી. એ. નં. ૫૦૨૯/૧૧ ના તા. ૫/૫/૧૧ના હુકમની ખરીનકલ | ૧૬૯ |
| ૭૯ | નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ તા. ૧૧/૨/૧૩ ખરીનકલ | ૧૭૦ |
| ૮૦ | નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ અન્વયે વાદીએ આપેલ બેંક ગેરંટીની ખરીનકલ | ૧૭૧ |
| ૮૧ | વાદીએ પ્રતીવાદી કચેરી જોગ કરી આપેલ બાંહેધારી ખત ખરીનકલ | ૧૭૨ |
| ૮૨ | પ્રતીવાદી કચેરી તરફથી તા. ૨/૪/૧૧વાળા રીવાઈઝ બીલની રકમ ભરપાઈ કરવવા વાદીને આપવામાં આવેલ નોટીસ ખરીનકલ | ૧૭૩ |
| ૮૩ | નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પે. સી. એ. નં. ૫૦૨૯/૧૧ ના તા. ૧૨/૩/૧૩ના હુકમની ખરીનકલ | ૧૭૪ |
| ૮૪ | પ્રતીવાદી કચેરી દ્વારા વાદીને રીવાઈઝ બીલની રકમ ભરવા | ૧૭૫ |

| | | |
|---|---|---|
| | આપેલ નોટીસની ખરીનકલ | |
| ૮૫ | પ્રતીવાદી કચેરીના જી.ઈ.આર.સી.ના નોટીફીકેશનની ખરીનકલ | ૧૭૬ |
| ૮૬ | વાદીઓએ આપેલ નોટીસનો જવાબ ઝેરોક્ષ | ૧૭૯ |
| ૮૭ | વાદીઓના ખાતાની કોમ્પ્યુટરાઈઝ લેઝર કોપી અસલ | ૧૮૦ |
| ૮૮ | વાદીઓ સામે દાવો દાખલ કરવા માંગેલ મંજુરીનો પત્ર ઓફીસ કોપી | ૧૮૧ |
| ૮૯ | વાદીઓ સામે દાવો દાખલ કરવા આપવામાં આવેલ મંજુરી અસલ | ૧૮૨ |
| ૯૦ | વાદીઓને અપાયેલ લીગલ નોટીસ ઓફીસ કોપી | ૧૮૩ |
| ૯૧ | કંપની સેક્રેટરીએ વાદીઓ સામે દાવો દાખલ કરવા આપેલ એપ્રુવલની ટ્રુકોપી | ૧૮૭ |

**૬.** દાવાના કામે બંને પક્ષો પૈકી વાદી તરફે પુરાવા બંધની પુરસીસ આંક ૯૮ થી તથા પ્રતીવાદીપક્ષે તેમના પુરાવા બંધની જાહેરાત કરતી પુરસીસ આંક ૧૯૨ થી અપાતા કામ દલીલો થવા પર મુકરર થયેલ હતું. તે બાદ વાદી તરફે આંક ૧૯૩, ૧૯૬ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે. પ્રતીવાદી તરફે લેખીત દલીલ આંક ૧૯૪, ૧૯૫ થી રજુ કરવામાં આવેલ છે.

વાદીપક્ષે તેમની દલીલોના સમર્થનમાં નામદાર ગુજરાત વડી અદાલત તથા અન્ય વડી અદાલતો અને નામદાર સર્વોચ્ચ અદાલતની ઓથોરીટી નીચે મુજબની રજુ કરેલ છે.

1. H. P. Horticultural Produce Marketing and Processing Corporation Ltd. VS United India Insurance Company Ltd. (AIR 2000 Himachal Pradesh 11)
2. State of Gujarat VS Patel Parshottambhai Kukabhai ( 1994(2) GLR 1125 )
3. M/S Venus Stone Crushing Co. & Anr. VS U. P. Power

Corporation Ltd. & Ors. ( AIR 2013 Allahabad 47 )

4. (Shree) Vinayak Synthetics Pvt. Ltd. VS The Gujarat Electricity Board ( 1995(2) GLH 350 )
5. Ashok Textiles VS Gujarat Electricity Board ( 2003 AIR(GUJ) 95 )
6. Nirmal Metal Industries VS K.S.E.B. ( 2008 (1) CCC 471 Kerala)
7. M/S Shakti Cold Storage & Anr. VS Bihar State Electricity Board ( AIR 2009 (NOC) 1837 (PATNA) )
8. Punjab State Electricity Board VS M/S Kissan Rice Mills ( AIR 2010 (NOC) 978 (P. & H.) )
9. Rajasthan State Electricity Board VS Ram Bhakt Hanuman Oil Industries (2011 (2) CCC 162 Rajasthan)
10. Punjab State Electricity Board, Ludhiana & another VS Ashwani Kumar (AIR 1993 Punjab and Haryana 197)
11. Modern Terry Towels Ltd. VS Gujarat Electricity Board and Ors. (2003 (1) G. L. H. 293)
12. Mukesh Mehra VS B S E S Yamuna Power Ltd. (LAWS (DLH)-2010-2-136)
13. Mrs. Veena S. Bajaj VS Maharashtra State Distribution Co. Ltd. & Anr. (AIR 2006 Bombay 200)
14. Kawsar Ali Alias Kawsar Sk. VS State of West Bengal ( AIR 2006 Calcutta 65)
15. Ashokkumar and Ors. VS State of U.P. ( AIR 2009 (NOC) 161 Allahabad)
16. Smt. Baijanti Bai VS M. P. Kshetriya Vidyut Vitran Co. Ltd., Bhopal & Ors. ( AIR 2014 (MP) 173)
17. M/S Citi Hotel VS. Commissioner Lucknow Divn., Lucknow

& Ors. ( AIR 2009 (Allahabad) 137)

18. Manoj Sharma VS. Dodhpur Vidyut Vitran Nigam and Ors. ( 2012 (3) CCC 153 (RAJ))

આ કામે પ્રતીવાદીએ તેમની નીચે મુજબની ઓથોરીટી રજુ કરેલ છે.

Kishan Singh (D) Through L.R.s VS Gurpal Singh (AIR (SC) 2010 3624)

ઉકત ઓથોરીટીઝ અને દલીલો સબંધે આ કેસના પુરાવાની તુલના વખતે ચર્ચા કરવામાં આવશે.

## પુરાવાની તુલનાત્મક ચર્ચા

**મુદ્દા નં. ૧ થી ૬ તમામ**

**૭.** આ કામે દાવાની હકીકતો અને પક્ષકારોની તકરારો જોતા પુનરાવર્તનનો દોષ ટાળવા આ તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવી ઉચીત જણાય આવે છે. વળી એ હકીકત પણ ધ્યાને લેવી જરૂરી છે કે વાદીએ દાવો સાબીત કરવા પ્લીડીંગ તથા પુરાવાની હકીકત સાબીત કરવાની હોય છે અન પ્રતીવાદીએ સંભાવનાઓની પ્રધાનતા (પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી) બતાવવાની હોય છે.

**૭.૧.** આ કામે પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે એ હકીકત સ્પષ્ટ છે કે, વાદી પર મુદ્દાઓ પૈકી નં. ૧ ની સાબીતીનો બોજો છે એટલે કે તેઓએ સાબીત કરવાનું છે કે તેઓને તા. ૦૨/૦૪/૧૧ના રોજ પ્રતીવાદીએ આપેલ રૂા. ૨૭,૧૬,૭૧૮-૨૫/- પૈસાનું રીવાઈઝ પુરવણી બીલ ગેરકાયદેસર છે. વળી, મુદ્દાઓ પૈકી નં. ૨,૩ની સાબીત પ્રતીવાદીએ આંક ૧૪ના જવાબમાં વાદીઓ સામે કાઉન્ટર કલેઈમ તા. ૨/૪/૧૧નું રીવાઈઝ બીલની રકમ વસુલ

થાય ત્યાં સુધી વ્યાજ સાથે મેળવવા હકકદાર છે તે હકીકત સાબીત કરવાની છે અને તેઓએ કાઉન્ટર કલેઈમ સબબ દાવામાં પુરતી કોર્ટ ફી ભરેલી છે તે પણ સાબીત કરવાનું છે.

**૭.૨.** દાવાના કામે સૌ પ્રથમ વાદીપક્ષે આંક ૪૬ થી વાદી નં. ૧ રમેશભાઈ માવજીભાઈ ખોરાવાને તપાસેલ છે જેઓનો મૌખીક પુરાવો જોઈએ તો, તેઓ તેમના દાવાની હકીકતોનું તેમની સરતપાસમાં પુનરાવર્તન કરે છે. સદર સાહેદની પ્રતીવાદી પક્ષે ઉલટતપાસમાં પુછતા તેઓ જણાવે છે કે, ચેકીંગ વખતે તેમના ભાઈ ભીમજીભાઈ માવજીભાઈ હાજર હતા અને સદર ચેકીંગ બાબતે વીજચોરીના બીલ પેટે તેઓએ કોર્ટના હુકમથી રકમ ભરપાઈ કરેલ છે. પાવર ચોરીનું બીલ નીયમોનુસાર અપાયેલ છે વીજચોરીની રકમ ભરવી ન પડે તે માટે દાવો કરેલ છે તેવી હકીકત નકારે છે. આંક ૬૧ થી ૬૯ ચેકીંગ બાબતેના દસ્તાવેજો, વીજચોરીના બીલ ભરવા હપ્તા કરી આપવા લખાયેલ પત્ર આંક ૭૩માં તેમની સહી છે. આમ, સદર સાહેદનો પુરાવો જોતા ચેકીંગ તેમની હાજરીમાં થયેલું અને પુરવણી બીલ વાદીએ ભરેલ તે હકીકત જણાય છે તેમજ આંક ૭૭ નું પુરવણી બીલ વાદીને મળેલ છે તેમ પણ જણાય છે.

**૭.૩.** દાવાના કામે પ્રતીવાદીપક્ષે આંક ૧૨૫ થી સાહેદ પ્રવીણ રતીલાલ દુલેરાને તપાસેલ છે જેઓનો મૌખીક પુરાવો જોઈએ તો, પ્રતીવાદીએ દાવાના કામે આંક ૧૪ના જવાબમાં લીધેલી તકરારોને સમર્થનકર્તા હકીકતો સરતપાસમાં જણાવે છે. જયારે સદર સાહેદની વાદીઓ પક્ષે ઉલટતપાસમાં પુછતા તેઓ જણાવે છે કે, તેઓ ચેકીંગમાં સાથે ન હતા તેમજ તેમજ દાવો નાયબ ઈજનેરે કરેલ છે અને નાયબ ઈજનેરને રૂા. ૫,૦૦,૦૦૦/– સુધી દાવો કરવાની સત્તા તેમની કંપનીના નોટીફીકેશન મુજબ છે અને પ્રતીવાદીઓ તેમની

કંપનીના ગ્રાહક છે અને પુરવણી બીલ સબંધે તેઓને ખુલાશો કરવા તક અપાયેલ હોય તેવું બનેલ નથી.

**૭.૪.** દાવાના કામે પ્રતીવાદીપક્ષે આંક ૧૮૯ થી સાહેદ પ્રિતીબેન વૈધ્યને તપાસેલ છે જેઓનો મૌખીક પુરાવો જોઈએ તો, તેઓએ તા. ૨/૪/૧૧નું પુરવણી બીલ એટલે કે રીવાઈઝ પુરવણી બીલ બનાવેલ જે સબબ દાવાના કામે રજુ આંક ૧૫૫માં તેમની સહી છે તેમ જણાવે છે. વધુમાં રીવાઈઝ બીલ બનાવવાની સુચના અંગેનો પત્ર આંક ૧૫૩ વાળો પ્રથમ પુરવણી બીલની ગણતરીમાં ભુલ હોય તે અંગેનો હોય તે આધારે તેઓએ ગણતરી કરેલ તે આંક ૧૫૪ના એનેક્ષર–૧૧માં અને આંક ૧૫૫ના પુરવણી બીલ ઈશ્યુ થયેલાનું જણાવે છે.

સદર સાહેદની પ્રતીવાદીઓ પક્ષે ઉલટતપાસમાં પ્રથમ પુરવણી બીલ કોણે બનાવેલ, રીવાઈજ બીલની નોટીસ આપેલ કે કેમ અને આ બીલ શાના પરથી બનાવેલ તે કહી શકે નહી તેમજ ખોટા કેસને સમર્થન આપવા જુબાની આપતા હોય તે બાબતને નકારે છે.

**૭.૫.** પ્રતીવાદીપક્ષે આંક ૧૯૦ થી મૌખીક પુરાવો સાહેદ પીઠાભાઈ રામસીભાઈ કરંગીયાને તપાસેલ છે જેઓનો મૌખીક પુરાવો જોઈએ તો, તેઓ બનાવ વખતે માંગરોળ ટાઉન સબ ડીવીઝનમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા હતા અને ચેકીંગ ટીમ સાથે તા. ૧૦/૧શ્ર/૧૦ના રોજ માંગરોળ ટાઉન સબ ડીવીઝનના કાર્યક્ષેત્રમાં હેઠળના ગ્રાહકનું વીજજોડાણ ચેક કરતા મીટરની આંતરીક રચના સાથે કોઈ બાહ્ય ઈલેક્ટ્રીક સાધન વડે ચેડા થયાનું જણાતા અને રીડીંગમાં એનોમલી AQQQ XDTQQQQQ000 બતાવતું હોય પાવર ચોરી જણાતા તપાસણી અહેવાલ અને સ્થળ રોજકામ

અને એનેક્ષર–૪ તૈયાર કરી સદર દસ્તાવેજોમાં તેઓએ તેમજ સાથેના પી.જી.વી.સી.એલ.ના કર્મચારી અને ગ્રાહકના પ્રતીનીધીએ સહી કરેલી તેમ જણાવે છે.

સદર સાહેદની વાદીપક્ષે ઉલટતપાસમાં ચેકીંગ સ્થળે થી કોઈ બાહય સાધન મળેલ નહી તેમ જણાવે છે તેમજ મીટર તેઓ લેબોરેટરીમાં લઈ ગયેલાનું જણાવે છે તેમજ તેઓની હાજરીમાં કોઈ કાર્યવાહી કરવામાં આવેલી નહી અને પાછળથી તેઓની સહી લેવામાં આવેલી તેવી હકીકતોને નકારે છે.

**૭.૬.** ઉપરોકત હકીકતે રજુ પુરાવાઓનું મુલ્યાંકન કરતા પહેલા સૌ પ્રથમ એ હકીકત સંબંધે કોઈ તકરાર નથી કે પ્રતીવાદી કંપનીના વાદી ગ્રાહક છે. કારણ કે વાદીએ આ બાબતે કોઈ તકરાર લીધેલ નથી કે તેઓ કંપનીના ગ્રાહક નથી. વળી, એ હકીકત સબંધે પણ તકરાર નથી કે વાદીના પ્રતીનીધીની હાજરીમાં તા. ૧૦/૧૨/૧૦ના રોજ રત્નાકર આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજમાં ચેકીંગ થયેલું અને મીટરના રીડીંગમાં એનોમલી દેખાતા મીટર ઉતારી લેબોરેટરીમાં ચેકીંગ થયેલ અને પુરવણી બીલ આપવામાં આવેલું જેની રકમ વાદીએ હપ્તા કરી ભરી આપવા પત્ર લખેલ અને તે આધારે પુરવણી બીલની રકમ રૂા. ૧૧,૨૯,૭૩૯–૪૫/– પૈસા ભરવામાં આવેલા. હવે મુખ્ય તકરાર પ્રતીવાદીની લેણી રકમ સબબ અપાયેલ પુરવણી બીલ બાબતેની જોવામાં આવે તો પ્રતીવાદી કંપનીએ વાદીની ઈન્ડસ્ટ્રીઝમાં તા. ૧૦/૧૨/૧૦ના રોજ ચેકીંગ કરેલ હતું. ચેકીંગ થયેલ ન હતું તે બાબતે કોઈ તકરાર નથી માત્ર વાદી એવી તકરાર લે છે કે, તેઓએ પુરવણી બીલની રકમ ભરપાઈ કરી આપેલ હોય તે બાદ તા. ૨/૪/૧૧ના રોજ રીવાઈઝ પુરવણી બીલ રૂપીયા ૨૭,૧૬,૭૧૮–૨૫/– પૈસાનું અનુમાન આધારે આપેલ હોય, તેઓએ મીટર સાથે કોઈ ચેડા કરી પાવર

ચોરી કરેલ ન હોય, તેઓ નીયમીત વીજવપરાશની લેણી રકમ ચુકવી આપતા હોય, લેબોરેટરી ટેસ્ટીંગમાં પણ મીટરમાં કોઈ ફોલ્ટ માલુમ પડેલ ન હોય, તે ટેસ્ટીંગ વખતે વાદીને મીટરમાં ફોલ્ટ ન હોય તેમ જણાવી તેમની સહી પ્રતીવાદીના માણસોએ લઈ, માત્ર બે અધીકારીની હાજરીમાં મીટર ટેસ્ટ કરવામાં આવેલ હોય, મીટર ઈલેકટ્રીક ઈન્સપેકટરની હાજરીમાં રાજય સરકારના કોઈ અધીકારીની હાજરીમાં ખોલવામાં આવેલ ન હોય કે ટેસ્ટ કરવામાં આવેલ ન હોય, બીલ કે મીટર ઈલેકટ્રીકલ ઈન્સપેકટરને આપવામાં આવેલ ન હોય, વાદીને રૂબરૂ સાંભળવા કે રજુઆત કરવા તક અપાયેલી ન હોય, નોટીસ અપાયેલ ન હોય, કુદરતી ન્યાયના સીધ્ધાંતોનો ભંગ કરી, પુરવણી બીલની રકમ સામે એસેસીંગ ઓફીસરે વાદીને રજુઆત કે ખુલાશો કરવા તક આપેલ ન હોય, વાદી પેઢીમાં વીજ વપરાશ અઠવાડીક ઓછો થતો હોય, વીજકાપ અને કામના કલાકો વીગેરેની ગણતરી, રજાઓના દીવસો આધારે ૨૪ કલાક વીજવપરાશ થતો ન હોય તેમ છતા અનુમાન આધારે અસહય મોટી રકમનું બીલ આપી, વીજચોરી થતી હોય તેવું સાધન મળેલ ન હોય તેમ છતા મોટી રકમ વસુલ લેવા બદઈરાદાથી ગેરકાયદેસર એલ.એન્ડ ટી. કંપનીનું મીટર લગાડતી વખતે વાદીએ ના પાડેલ હોય તેમ છતા તેનું મીટર લગાવેલ છે.

**૭.૭.** વળી, દાવાના કામે પ્રતીવાદીએ તકરાર એવી લીધેલ છે કે ઈલેકટ્રીસીટી એકટ,૨૦૦૩ની કલમ ૧૨૬ મુજબ વીજચેકીંગમાં ગેરરીતી જણાય તો તમામ એસેસમેન્ટ ઓર્ડર કરી પ્રથમ પ્રોવીઝનલ બીલ આપવું જોઈએ અને તે બીલ ગ્રાહકને બજે તેના વાંધા રજુ થયે ગ્રાહકને સાંભળવાની તક આપવી જોઈએ. આ કામે આવું કોઈ પ્રોવીઝનલ બીલ તેઓને આપવામાં આવેલ ન હોય, તેથી કલમ ૧૨૭ મુજબ એપેલેટ ઓથોરીટી સમક્ષ તેઓને અપીલ કરવા તક મળી

શકેલ ન હોય, માંગણું જ કાયદા વીરૂધ્ધનું હોય, લેબોરેટરીમાં મીટરની આંતરીક વાયરોની સ્થિતી સારી હોય કોડ સીવાય મીટરમાં કોઈ ગેરરીતી માલુમ પડેલ ન હોય, કંપનીના મીટરમાં ફોલ્ટ હોય તેથી રીડીંગ એનોમલી AQQQ XDTQQQQQ000 બતાવતું હોય તેમાં ગ્રાહકનો ફોલ્ટ ન ગણાય. વળી તકરાર લીધેલ છે કે તપાસણી અહેવાલ, સ્થળ રોજકામ અને લેબોરેટરી સંયુકત ચકાસણી અહેવાલ તેઓની હાજરીમાં આ કાર્યવાહી થયેલી નથી એટલે કે વાંધો ઉપસ્થિત કરેલ હોય ત્યારે ઈલેકટ્રીસીટી એકટની કલમ ૧૬૨ મુજબ ઈલેકટ્રીકલ ઈન્સપેકટરને મીટર રીફર કરવું જોઈએ અને તેની જવાબદારી પ્રતીવાદીની હોય તેથી પણ તેઓનો અપીલનો હકક છીનવી લેવામાં આવેલો છે. વધુમાં તકરાર લીધેલ છે કે, ઉત્પાદક કંપનીમાં મીટર રીફર કરાયેલ ન હોય, કંપનીના કોઈ વ્યકિત સંયુકત ચકાસણી વખતે હાજર ન હોય, સ્વતંત્ર લેબોરેટરીમાં મીટર ટેસ્ટ કરવામાં આવેલ ન હોય, પ્રતીવાદીનું પુરવણી બીલ વાદીને બંધનકર્તા નથી અને વીજચોરી થયેલ હોય તેવું પુરવાર થતું નથી અને બહારના કોઈ ડીવાઈસથી મીટર હેંગ થયેલ હોય કે કોઈ આવું બહારનું ડીવાઈસ મળી આવેલ હોય, વાદીના વીસ્તારમાં પાવર લોસ આવતો હોય વીજ કંપનીના કર્મચારીઓ સામે કોઈ ખાતાકીય કાર્યવાહી કરવામાં ન આવે તેવા બદઈરાદાથી પોતાની જવાબદારીમાંથી છટકવા વીજ લોસ સરભર કરવા વાદવાળું બીલ આપવામાં આવેલ હોય, મીટર ઉત્પાદન કંપનીના પત્ર આધારે માત્ર અનુમાન કરી બીલ આપવામાં આવેલ હોય તે કાર્યવાહી ગેરકાયદેસર હોય, પ્રતીવાદી કંપની વતી દાવો લાવનાર નાયબ ઈજનેરને દાવો લાવવા કાનુની અધીકાર ન હોય તેમ માની તા. ૨/૪/૧૧ના રોજ પુરવણી બીલ રૂા. ૨૭,૧૬,૭૧૮–૨૫/–પૈસા વાદી

પાસેથી મેળવવા કોઈ હકક કે અધીકાર ધરાવતા નથી તેવું વિજ્ઞાપન મેળવવા અને બીલ ગેરકાયદેસર ઠરાવવાનો હુકમ કરવા અને દાવાનો ખર્ચ અને દાવાને અનુરૂપ હરકોઈ મળી શકતી દાદ અપાવવા દલીલ કરેલ છે.

**૭.૮.** વાદીપક્ષે વધુમાં તકરાર લેવાયેલી છે કે મીટર ઈલેકટ્રીકલ ઈન્સપેકટરને રીફર થયેલ ન હોય, લેબોરેટરી ટેસ્ટીંગ રીપોર્ટમાં જણાવેલી વીગતો સબંધે ગ્રાહકને સાંભળવા તક મળેલ ન હોય, બહારનું ડીવાઈસ મળી આવેલ ન હોય, મીટરમાં ફોલ્ટ હોય અને તે કંપનીનો ફોલ્ટ હોય, પ્રોવીઝનલ બીલ સામે ગ્રાહકને વાંધો ઉપસ્થિત કરવા અને સુનાવણી કરવા તક અપાયેલી ન હોય, ઈલેકટ્રીસીટી એકટની કલમ ૧૨૬ અને ૧૨૭ મુજબ અપીલની તક મળેલી ન હોય બીલ ગેરકાયદેસર ગણાય તેવું ઠરાવેલ નામદાર સર્વોચ્ચ અદાલત, ગુજરાત અને અન્ય વડી અદાલતોના ચુકાદાઓ પારા ૬ માં દર્શાવેલા છે તે પર આધાર રાખેલ છે.

**૭.૯.** ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ કલમ ૧૭૨(ડી) મુજબ ગુજરાત રાજયમાં સરકારશ્રીના નોટીફીકેશન તા. ૧૦/૭/૦૩ મુજબ તા. ૧૦/૧૨/૦૩ ના રોજની અસરથી કાયદાની અમલવારી થયેલ છે અને તે પહેલા ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૧૯૧૦ અમલમાં હતો. આ બંને કાયદાઓ એટલે કે ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૫૫ તથા ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૧૯૧૦ ની કલમ ૨૬ મુજબ વીજ વપરાશ બદલ લાયસન્સી અને ગ્રાહક વચ્ચે વીજવપરાશ બદલ એગ્રીમેન્ટ થતું હોય છે. વળી, વાદી તરફે એવી દલીલ તથા બચાવ કરવામાં આવેલ છે કે વીજચોરીની રકમ માંગણી કરતું બીલ તેઓને આપી શકાય નહી. પરંતુ ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૧૯૧૦ કે ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ની જોગવાઈ મુજબ પ્રતીવાદીએ

વાદીને મોકલાવેલ પુરવણી બીલ ની તકરાર જે તે વખતે વાદીએ ઉઠાવેલ નથી. આ કામે પુરાવો જોતા પુરવણી બીલ તા. ૧૦/૧૨/૧૦ ના ચેકીંગ સબંધેનું વાદી પેઢીને આપેલ હોય, ચેકીંગ સબંધે પ્રતીવાદીપક્ષે રજુ આંક ૪૬ નીચેની વાદીની ઉલટતપાસ જોતા આંક ૬૧ થી ૬૯ ચેકીંગ બાબતેના દસ્તાવેજો કે જે ચેકીંગ સબંધેના છે અને પ્રથમ પુરવણી બીલની ભરવા હપ્તા કરી આપવા લખાયેલ પત્ર આંક ૭૩ જોતા વાદી પેઢીમાં ચેકીંગ તેમના પ્રતિનીધીની હાજરીમાં થયેલ છે અને પુરવણી બીલ વાદીએ ભરેલ તે હકીકત જણાય છે તેમજ આંક ૭૭ નું પુરવણી બીલ વાદીને મળેલ છે તેમ પણ જણાય છે. તે જ રીતે આંક ૧૫૫નું રીવાઈઝ પુરવણી બીલ આંક ૧૫૩ના પત્ર આધારે એનેક્ષર ૧૧ આંક ૧૫૪ થી રજુ છે તે આધારે આકારવામાં આવેલ છે અને તા. ૨/૪/૧૧ના રોજ તે વાદીને મોકલવામાં આવેલ છે તેવું આંક ૧૫૬ની નોટીસ જોતા જણાય છે. આમ, વાદીને પ્રથમ પુરવણી બીલ રૂા. ૧૧,૨૯,૭૩૯–૪૫/– પૈસા મળેલ તે તેઓએ ભરપાઈ કરેલ છે અને તે જ રીતે આંક ૧૫૫ વાળું રીવાઈઝ પુરવણી બીલ પણ વાદીને મળેલ છે તેમ જણાય છે. વળી, વાદી કે જે ઈલેકટ્રીસીટી સપ્લાયના ગ્રાહક છે તેઓ પ્રતીવાદી કે જે ડીસ્ટ્રીબ્યુશન લાયસન્સદાર છે તેઓએ જે ચાર્જ કરવાની કીંમતો વખતો વખત નકકી કરેલ ટેરીફ અને તેના લાયસન્સદારની શરતો અનુસાર ભરવાની રહેશે તેવી તેમજ ઈલેકટ્રીસીટી ચાર્જીસ વસુલ કરવા ઈલેકટ્રીસીટી સપ્લાય કોડ રાજય કમીશન નીર્દિષ્ટ કરતું હોય, મીટરના ઉપયોગ બાબતે, ચુકવણી કરવામાં કસુર થયે સપ્લાય બંધ કરવાની જોગવાઈ હોય, ટેરીફ નકકી કરવા યોગ્ય કમીશન વીજળી અધીનીયમ, ૨૦૦૩ મુજબની જોગવાઈ મુજબ નકકી કરશે તે જોગવાઈઓ એટલે કે વીજળી અધીનીયમ, ૨૦૦૩ની કલમો ૪૫, ૫૦,૫૫, ૫૬ તથા ૬૧ અને ૬૨

જોતા વાદી ગ્રાહક હોય, તેઓએ પ્રતીવાદી કંપની પાસેથી ઈલેકટ્રીસીટી સપ્લાય લીધેલ હોય, પુરવણી બીલની રકમ ભરવા જવાબદાર છે તેમ માનું છું. વળી, આંક ૭૧ના પુરવણી બીલની રકમ ભરપાઈ કરી દીધેલ હોય તેટલા માત્રથી વાદી તેમની પ્રતીવાદી કંપનીના વીજજોડાણ બાબતેની જવાબદારીમાં થી છટકી શકે તેમ માની શકાય નહી. આમ, વાદી તા. ૧૦/૧૨/૧૦ના રોજ રત્નાકર આઈસ એન્ડ કોલ્ડ સ્ટોરેજવાળી ભાગીદારી પેઢીના ભાગીદારો હોય, પ્રતીવાદી કંપનીનું વીજ જોડાણ ધરાવતા હોય એટલે કે વીજ જોડાણ અસ્તિત્વ ધરાવે છે તે સ્થળનો હવાલો ધરાવતા હોય, તે જગ્યા પર રહેલ વીજજોડાણ સબંધેની તમામ જવાબદારી પણ તેઓની જ રહેલી છે. વળી, ઈલેકટ્રીસીટી એકટની કલમ ૧૨૬ અને ૧૨૭ મુજબ કામચલાઉ ઈલેકટ્રીસીટી ચાર્જની આકારણીનો હુકમ બજાવવાનો હોય અને તે બજે આકારણી સામે વાંધો લેવાની જોગવાઈ છે જે વાંધો વાદીએ લીધો હોય તેવું બનેલ ન હોય, કલમ ૧૨૬ના હુકમની નારાજી સામે અપીલ વાદીએ કરેલ ન હોય, સુનાવણીની તક વાદીને મળેલ નથી તેવી દલીલ માન્ય રાખી શકાય તેમ નથી. આમ, પુરવણી બીલની રકમ સામે વાંધો ઉભો થયેલ ન હોય, વાદીએ આંક ૭૧ના પુરવણી બીલની રકમ ચુકવેલી હોય તે બાદ આંક ૭૭ વાળા રીવાઈજ પુરવણી બીલની રકમ ચુકવેલ નથી તે હકીકત પુરવાર થાય છે અને તે ભરવા વાદી જવાબદાર થયેલ છે તેમ માનું છું.

**૭.૧૦.** વળી, આ કામે પુરવણી બીલ ચેલેન્જ કરવા માટે ઈલેકટ્રીસીટી એકટ,૨૦૦૩ની કલમ ૧૨૬ મુજબની કાર્યવાહી કે કલમ ૧૨૭ મુજબ એપેલેટ ઓથોરીટી સમક્ષ તેઓને અપીલની કાર્યવાહી વાદી પક્ષે કરવામાં આવેલ નથી. આમ, પ્રતીવાદીએ આપેલ રૂા. ૨૭, ૧૬, ૭૧૮–૨૫/– પૈસાનું

તા. ૦૨/૦૪/૨૦૧૧ના રોજનું બીલ ગેરકાયદેસર છે તેમ માનતો નથી અને ઉકત ચર્ચાને વીરામ આપી મુદ્દા નં. ૧ વાદી પુરવાર કરી શકતા ન હોય,જેથી **મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપું છું.**

**૭.૧૧.** મુદ્દા નં. ૨ અન્વયે પ્રતીવાદીએ તેમના આંક ૧૪ના જવાબમાં ધી કોડ ઓફ સીવીલ પ્રોસીજર, ૧૯૦૮ ટુંકમાં સી. પી. સી. ઓર્ડર ૮ રૂલ ૬એ મુજબ કાઉન્ટર કલેઈમ  વીજ કંપનીની લેણી રકમ મેળવવા પ્રતીવાદી હકકદાર છે તેવું ઠરાવવા હુકમ કરવા અને લેણી રકમ વ્યાજ સાથે વસુલ મેળવવા તેઓ હકકદાર છે તેવું વિજ્ઞાપન અને હુકમની દાદ માંગેલ છે.

વધુમાં સી. પી. સી. ઓર્ડર ૮ રૂલ ૬એની જોગવાઈ જોઈએ તો, તે ક્રોસ દાવો જ ગણાતો હોય, અદાલતે આ સબબ પણ જજમેન્ટ જાહેર કરવાનું હોય, એટલે કે તે પણ દાવો જ ગણાતો હોય, દાવાને લગતા તમામ નીયમો કાઉન્ટર દાવાને પણ લાગું પડે છે.

આ કામે આંક ૧૪નો જવાબ જોતા કાઉન્ટર કલેઈમ બાબતે પ્રતીવાદીએ કોર્ટ ફી ભરેલ નથી કે કોર્ટ ફી ભરેલ નથી તેમ જણાય છે.

સી. પી. સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ (સી) મુજબ અપુરતો સ્ટેમ્પ રજુ કરી દાવો કરવામાં આવેલ હોય, જરૂરી સ્ટેમ્પ રજુ કરવા અદાલતે સુચના આપતા ન ભરેલ હોય તો દાવો રદ થાય. જયારે આ કામે પ્રતીવાદીએ કાઉન્ટર દાવામાં કોર્ટ ફી જ ભરેલી ન હોય, આ તબકકે ગુજરાત કોર્ટ ફી અધીનીયમ, ૨૦૦૪ની કલમ ૬ કે જેમાં અમુક દાવાઓમાં આપવાની ફીની ગણતરી કરવા સબબ જોગવાઈ છે તે મુજબ કલમ ૬(૧) પ્રમાણે પ્રતીવાદીએ રૂા. ૨૭,૧૬,૭૧૮–૨૫/– પૈસા વ્યાજ સાથે વસુલ મેળવવાની દાદ કાઉન્ટર સુટમાં માંગેલી હોય તેટલા રૂપીયાની રકમ પ્રમાણે ફી ભરેલી નથી જેથી સી. પી. સી. ઓર્ડર ૮ રૂલ ૬એની જોગવાઈ

મુજબ પ્રતીવાદીનો કાઉન્ટર કલેઈમ કોર્ટ ફી ભરાયેલ ન હોય, દાવાના કામે આંક ૨૦ થી મુદ્ધા ફ્રેમ તા. ૨૮/૪/૧૫ ના રોજ ઘડાયેલા હોય, પ્રતીવાદી તરફથી કોઈ કોર્ટ ફી કાઉન્ટર કલેઈમ સબબ ભરાયેલ ન હોય, સદર સી. પી. સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ (સી) તથા ગુજરાત કોર્ટ ફી અધીનીયમ, ૨૦૦૪ની કલમ ૬(૧) થી તેઓ વાકેફ ન હોય તેમ માની શકાય નહી તેથી પ્રતીવાદીનો કાઉન્ટર કલેઈમ કોર્ટ ફીની ખામીના કારણોસર સી. પી. સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ (સી) મુજબ નામંજુર થવાને પાત્ર છે તેમ માની **મુદ્ધા નં. ૨ નો જવાબ હકારમાં** આપું છું. આમ, મુદ્ધા નં. ૨ મુજબ પ્રતીવાદીનો કાઉન્ટર કલેઈમ કોર્ટ ફીની ખામીના કારણોસર સી. પી. સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ (સી) મુજબ નામંજુર થવાને પાત્ર છે તેમ માનેલ હોય, પ્રતીવાદી કાઉન્ટર સુટમાં માંગેલ દાદ એટલે કે તેઓ તા. ૨/૪/૧૧નું રીવાઈઝ બીલની રકમ વસુલ થાય ત્યાં સુધી વ્યાજ સાથે મેળવવા આ દાવાના કામે હકકદાર ઠરે છે તેમ માની શકાય નહી. જેથી **મુદ્ધા નં. ૩ નો જવાબ નકારમાં** આપું છું.

**૭.૧૨.** આમ, ઉકત ચર્ચાને અંતે, વાદીનો દાવો, પ્રતીવાદીનો બચાવ, બંને પક્ષે રજુ પુરાવાઓ, દલીલો અને નામદાર સર્વોચ્ચ અદાલત અને ગુજરાત તથા અન્ય વડી અદાલતોના ચુકાદાઓ અને કાયદાકીય જોગવાઈઓનો તલસ્પર્શી અભ્યાસ કરી એવા તારણ પર આવું છું કે વાદીનો દાવો પુરવાર થતો નથી અને તેઓ પક્ષે રજુ ચુકાદાઓ માનપુર્વક વંચાણે લેતા તેમના કેસને મદદરૂપ થતા નથી. આમ, વાદી દાવામાં માંગેલી દાદ કે દાદો મેળવવા હકકદાર ઠરતા નથી તેથી વાદી માંગ્યા મુજબની કે અન્ય કોઈ દાદ મેળવવા હકકદાર નથી તેમ ઠરાવી **મુદ્ધા નં. ૪ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં આખરી હુકમ** નીચે મુજબ કરૂ છું.

**:::– આખરી હુકમ –:::**

૧. વાદીનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.

૨. પ્રતીવાદીનો કાઉન્ટર દાવો સી. પી. સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ (સી) મુજબ નામંજુર કરવામાં આવે છે.

૩. દાવાનો ખર્ચ વાદીએ પ્રતીવાદીને ચુકવવો અને તેને થયેલ ખર્ચ તેણે જાતે ભોગવવો.

૪. હુકમ મુજબ હુકમનામું દોરવું.

ઉપરોકત હુકમ આજ તા. ૨૧ મી, માહે નવેમ્બર, સને ૨૦૨૪ નાં રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહીં કરીને જાહેર કર્યો.

તા. ૨૧–૧૧–૨૦૨૪ (હિતેશકુમાર ગિરીશભાઈ દામોદ્રા)

કેશોદ. પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ,

કેશોદ

જજ કોડ– GJ01005